**B**

## PART-A

★ નિર્દેશ: (1-5) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તરો આપો:

નીચે આપેલા કોષ્ટક-1માં હાર અને સ્તંભના ક્રમ 0 થી 4 તથા કોષ્ટક-2માં હાર અને સ્તંભના ક્રમ 5થી 9 આપેલા છે. દરેક કોષ્ટકમાં આપેલ મૂળાક્ષરને પ્રથમ તેની હારના ક્રમ અને પછી તેના સ્તંભના ક્રમથી સંકેતબધ્ધ કરવાના છે. દા.ત. Aનો સંકેત 01, 13, 20, 34 કે 42 છે.

આ રીતે દરેક પ્રશ્નમાં આપેલા શબ્દ માટે યોગ્ય સંકેત શોધો.

| | 0 | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|---|
| 0 | F | A | N | O | I |
| 1 | I | O | F | A | N |
| 2 | A | N | O | I | F |
| 3 | O | F | I | N | A |
| 4 | N | I | A | F | O |

| | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|
| 5 | S | E | H | B | T |
| 6 | H | S | E | T | B |
| 7 | B | T | S | E | H |
| 8 | E | H | T | B | S |
| 9 | T | S | E | H | B |

1. NEST

(A) 21,76,77,76 (B) 33,86,88,86

(C) 14,67,66,67 (D) 02,56,55,59

2. FAITH

(A) 43,42,41,78,79 (B) 31,34,23,76,79

(C) 24,31,10,59,57 (D) 12,20,40,68,65

3. FINE

(A) 31,32,33,82 (B) 24,19,21,78

(C) 12,10,13,67 (D) 00,04,02,56

4. HEAT

(A) 79,53,20,87 (B) 65,56,13,57

(C) 57,56,01,59 (D) 29,85,34,93

5. BOTH

(A) 88,30,85,86 (B) 75,22,76,79

(C) 69,67,68,59 (D) 58,02,68,65



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



★ નિર્દેશ: (6-10) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તરો આપો:

સાત મિત્રો A, B, C, D, E, F અને G અઠવાડિયાના સાત દિવસો- સોમવારથી રવિવાર સુધીના દિવસોમાં પોતાની મનપસંદ અલગ અલગ ફિલ્મો નિહાળે છે. આ ફિલ્મો 'ધુરંધર', 'સુબેદાર', 'બોર્ડર', 'પાકિઝા', 'હમરાઝ', 'ડોન', અને 'તારે જમીન પર' છે પરંતુ તે આ જ ક્રમમાં હોય તે જરૂરી નથી. F અને 'ડોન' જોનારની વચ્ચે 3 વ્યક્તિઓએ ફિલ્મ જોઈ હતી, અને 'ડોન' જોનારા પહેલાં F એ ફિલ્મ જોઈ હતી, પરંતુ સોમવારે નહીં. Aએ 'ડોન' જોનારની પહેલા એક દિવસના અંતરથી 'બોર્ડર' ફિલ્મ જોઈ હતી. A અને 'ધુરંધર' જોનાર વ્યક્તિની વચ્ચે માત્ર એક વ્યક્તિએ ફિલ્મ જોઈ હતી. Bએ Fની તરત પહેલાં 'સુબેદાર' ફિલ્મ જોઈ હતી. B અને Eની વચ્ચે એક વ્યક્તિએ ફિલ્મ જોઈ હતી. E એ ગુરુવારે ફિલ્મ જોઈ ન હતી. Dએ 'તારે જમીન પર' ફિલ્મ Cની પહેલાં જોઈ હતી અને Cએ 'હમરાઝ' ફિલ્મ જોઈ હતી.

6. નીચેના પૈકી કયો વ્યક્તિ સોમવારે ફિલ્મ જુએ છે?

(A) A  (B) B  (C) E  (D) F

7. A અને C વચ્ચે કેટલી વ્યક્તિઓએ ફિલ્મ જોઈ હતી?

(A) 1  (B) 2  (C) 3  (D) 4

8. Eએ નીચેના પૈકી કઈ ફિલ્મ જોઈ હતી?

(A) ડોન  (B) તારે જમીન પર
(C) ધુરંધર  (D) પાકીઝા

9. Bએ નીચેના પૈકી કઈ ફિલ્મ જોઈ હતી?

(A) સુબેદાર  (B) ધુરંધર  (C) બોર્ડર  (D) પાકીઝા

10. 'ડોન' ફિલ્મ નીચેના પૈકી કોણે જોઈ હતી?

(A) A  (B) D  (C) F  (D) G

11. બે સંખ્યાનો લ.સા.અ. 7700 છે અને તેમનો ગુ.સા.અ. 11 છે. જો તે પૈકી એક સંખ્યા 308 હોય તો બીજી સંખ્યા કેટલી હશે?

(A) 77  (B) 154
(C) 175  (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



12. 50થી 70 વચ્ચેની અવિભાજ્ય સંખ્યાઓનો મધ્યક કેટલો થશે?
(A) 60 (B) 62
(C) 59 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

13. એક સંખ્યાના 17.5% 105 હોય તો તે સંખ્યાના 125% કેટલા થશે?
(A) 450 (B) 750
(C) 875 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

14. બે સંખ્યાનો ગુણોત્તર 3:4 છે. જો તેમનો સરવાળો 630 હોય તો તે પૈકી નાની સંખ્યા કેટલી હશે?
(A) 360 (B) 270
(C) 333 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

15. $\sqrt{625} + \sqrt{x} = 37$ હોય તો x નું મૂલ્ય કેટલું થશે?
(A) 12 (B) $\sqrt{12}$
(C) 144 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

16. નીચે આપેલી માહિતીનો મધ્યસ્થ કેટલો થશે?
5, 8, 9, 3, 2, 7, 11, 5, 34, 1, 23, 15
(A) 7.5 (B) 9
(C) 11.5 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

17. એક વેપારી દરેક વસ્તુની કિંમત 20% જેટલી વધારી ત્યાર બાદ તેના પર 10% વળતર આપે છે. તો તેણે સમગ્રત: કેટલા ટકા નફો થશે?
(A) 10% (B) 12%
(C) 15% (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

18. એક નોકરી માટે આવેલ કુલ 13 ઉમેદવાર પૈકી 5 સ્ત્રીઓ અને 8 પુરુષો છે. આ જગ્યા માટે 2 ઉમેદવારોની પસંદગી કરવાની છે. જો તે પૈકી ઓછામાં ઓછી 1 સ્ત્રી ઉમેદવારની પસંદગી થાય તેની સંભાવના કેટલી?
(A) 1/3 (B) 25/39
(C) 5/13 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



19. બે પાસાં એક સાથે ફેંકવામાં આવે તો આવેલાં અંકોનો સરવાળો 8 આવે તેની સંભાવના કેટલી?

(A) 1/9
(B) 5/36
(C) 7/36
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

20. એક 4 મી × 6 મી × 8 મી પરિમાણની બંધ લંબઘન ટાંકીની કુલ સપાટીનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 208 ચો મી
(B) 216 ચો મી
(C) 232 ચો મી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

★ નીચે આપેલા પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 21થી 25ના ઉત્તરો આપો.

અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ એટલે ઔદ્યોગિક રીતે તૈયાર થતા ખોરાકમાંથી કાઢવામાં આવેલા ચરબી, શર્કરા, તેલ, પ્રોટીન અને કાર્બ જેવા પદાર્થોમાંથી બનાવવામાં આવતી ખાદ્ય સામગ્રી. એ અન્ય વાનગીઓની જેમ ખોરાકમાંથી સીધી બનાવવામાં આવતી નથી. તેમાં કૃત્રિમ રંગો, ફ્લેવર્સ વગેરેનો ઉપયોગ થાય છે અને તેને લાંબા સમય સુધી સાચવી શકાય છે. તે સ્વાદિષ્ટ, સાચવવામાં સરળ અને ખરીદવામાં સસ્તાં હોવાથી અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનાં પેકેટ્સ દુનિયાભરમાં બેહદ લોકપ્રિય છે. વિકસિત અને વિકાસશીલ દેશોમાં જંક ફૂડ કંપનીઓની ચેન એટલી વિકસી છે કે દર બે-ત્રણ કિલોમીટરના અંતરે એક શાખા મળી રહે છે. વિકસિત દેશોની યુવા પેઢીના રોજિંદા ખોરાકમાં આવા હાનિકારક ખાદ્યપદાર્થોનો હિસ્સો 61% જેટલો ઊંચો છે. ભારતમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનો દબદબો દોઢેક દાયકાથી એટલો વધ્યો છે કે માર્કેટમાં હોર્ડિંગની જાહેરાતોમાં 40% જગ્યા આ ફૂડ ઉત્પાદન કરતી કંપનીઓ રોકે છે. દેશમાં તેની આડઅસરને ધ્યાનમાં લઈને તાજેતરમાં કેન્દ્ર સરકારે તેની આર્થિક મોજણીમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડને લઈને ચેતવણી આપી છે અને કેટલીક ભલામણો પણ કરી છે. નેશનલ હેલ્થ સર્વે 2021 અનુસાર 2020માં ભારતના 3.3 કરોડ બાળકો મેદસ્વી હતાં. 2035માં આ આંકડો વધીને 8 કરોડ થઈ જવાની સંભાવના છે. 24% ભારતીય મહિલાઓ અને 23% ભારતીય પુરુષોમાં ઓવરવેઈટની સમસ્યા છે. 15થી 49 વર્ષની વય જૂથની મહિલાઓમાં 6.4% અને એ જ વય જૂથના પુરુષોમાં 4 ટકા મેદસ્વીપણાની સમસ્યા છે. 2015-16માં દેશમાં 5 વર્ષથી નીચેનાં બાળકોમાં મેદસ્વીપણાનું પ્રમાણ 2.1% હતું, જે વધીને 2019-20 ના ગાળામાં 3.4% થયું હતું. આ સ્થિતિ નિવારવા માટે આર્થિક મોજણીમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ પર નિયંત્રણ મૂકવાની હિમાયત થઇ છે. દેશ-વિદેશના અનેક સંશોધનો કહે છે કે લાઈફ સ્ટાઈલ ડિસીઝ પાછળ આ પ્રકારની ખાદ્ય સામગ્રી જવાબદાર છે.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



21. અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ બાબતે નીચેનાં પૈકી કયાં વિધાનો સાચાં છે?
1. તે ખોરાકમાંથી કાઢવામાં આવેલાં પ્રોટીન, ચરબી વગેરે પદાર્થોમાંથી બનાવવામાં આવતી ખાદ્ય સામગ્રી છે.
2. તેનું મોટા પાયે ઘરગથ્થું ઉત્પાદન થાય છે.
3. તેમાં કૃત્રિમ રંગોનો ઉપયોગ કરવામાં આવે છે.
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

22. અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ નીચેનાં પૈકી કયાં કારણોસર લોકપ્રિય છે?
1. તે સાચવવામાં સરળ છે.
2. તેને ઔદ્યોગિક રીતે તૈયાર કરવામાં આવે છે.
3. તે ખરીદવામાં સસ્તાં છે.
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

23. નીચેનાં પૈકી કયાં કારણોસર એમ કહી શકાય કે ભારતમાં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડનું ચલણ વધ્યું છે?
(A) યુવા પેઢીના રોજિંદા ખોરાકમાં આવા હાનિકારક પદાર્થો નો હિસ્સો 61% જેટલો ઊંચો છે.
(B) તે સાચવવામાં સરળ છે.
(C) ભારતમાં છેલ્લા દસ વર્ષથી તેનો દબદબો વધ્યો છે.
(D) માર્કેટમાં હોર્ડિંગની જાહેરાતોમાં 40% જગ્યા આ ફૂડનું ઉત્પાદન કરતી કંપનીઓ રોકે છે

24. સરકારે ________માં અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડને લઈને ચેતવણી આપી છે.
(A) અન્ન અને નાગરિક પુરવઠા નિગમ
(B) અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનું મંત્રાલય
(C) આર્થિક મોજણી
(D) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મોજણી



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

B

25. 15 થી 49 વર્ષની વય જૂથની મહિલાઓમાં પુરુષોની સરખામણીમાં મેદસ્વીપણાનું પ્રમાણ _____ છે.

(A) વધુ

(B) ઓછું

(C) લગભગ સરખું

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

★ નીચે આપેલા પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 26થી 30ના ઉત્તરો આપો.

સંયુક્ત રાષ્ટ્રસંઘે નિષ્ણાતો પાસે એક અહેવાલ તૈયાર કરાવ્યો તો જાણવા મળ્યું કે જે દેશ પર હુમલો થાય છે ત્યાં 20 વર્ષ સુધી પર્યાવરણ પર અસર થાય છે અને પાડોશી દેશો પણ તેમાંથી બાકાત રહેતા નથી. દુનિયામાં ચાલતા યુદ્ધો, આતંકવાદી હુમલા, ગૃહયુદ્ધોમાં મિસાઈલ હુમલાથી લઈને ડ્રોન હુમલા, વિસ્ફોટો, પેટ્રોલ બોમ્બ સુધીના નાનાં-મોટાં શસ્ત્રો ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરે છે. એનો જથ્થો એટલો મોટો છે કે દુનિયામાં વર્ષે જેટલો ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જિત થાય છે એમાંથી 6% ગ્રીનહાઉસ ગેસ યુદ્ધોમાંથી પેદા થાય છે. દુનિયામાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ચીનનો હિસ્સો 28-30% રહે છે. એ પછીનો ક્રમ અમેરિકાનો છે. અમેરિકાનો ગ્લોબલ ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં 14% હિસ્સો છે. ત્રીજા ક્રમે 8% સાથે ભારત છે. આ યાદીમાં ચોથા ક્રમે છે - વૉર પોલ્યુશન. ફૂડ રિફાઇનરીઝ, ફૂડ ફિલ્ડ, ફૂડ સ્ટોરેજ, પેટ્રોલિયમ કે ગેસ ભરેલાં વેપારી જહાજો, પેટ્રોલપંપો જેવાં સ્થળોએ હુમલા થાય ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન હદ બહાર વધી જાય છે એ તો ખરું જ. પરંતુ એ દેશોના પર્યાવરણ અને માનવીય આરોગ્યને ગંભીર અસર કરે છે. અગાઉ ખાડી યુદ્ધ વખતે એટલે રિફાઇનરી અને ફૂડ સ્ટોરેજને નિશાન બનાવાયા હતા, તેના કારણે દિવસો સુધી ધુમાડો નીકળતો રહ્યો હતો. તાજેતરમાં અમેરિકાએ ઈરાનના ફૂડ ભંડારોને નિશાન બનાવ્યા. તેની તો એટલી ખરાબ અસર થઈ કે રીતસર તહેરાનમાં કાળો વરસાદ થયો. ઈરાનમાં વાતાવરણ પલટાયું અને તીવ્ર હવા સાથે વરસાદ પડ્યો, પરંતુ તે પહેલાં અમેરિકાએ ફૂડ ભંડારોમાં આગ લગાવી દીધી હતી એટલે તેનો ધુમાડો વરસાદી વાદળોમાં ભળી ગયો હતો. વરસાદ થયો ત્યારે લોકોને રીતસર કેમિકલનો વરસાદ થતો હોય એવો અનુભવ થયો. અસંખ્ય લોકોને આંખ-ચામડી બળવાની અને શ્વાસ સંબંધી બીમારીઓની દિવસો સુધી ફરિયાદ રહી. આ વૉર પોલ્યુશનનો વરવો અને ખતરનાક દાખલો છે. જે દેશો સામ-સામા લડે છે તે માત્ર યુદ્ધના પરિણામની ચિંતા કરે છે. માનવજાત, પર્યાવરણ, જીવસૃષ્ટિ પર થતી અસરોની પરવા તેમને નથી. યુદ્ધોના પરિણામ પછી કદાચ કોઈ એક દેશ જીતશે, યુદ્ધ કરતું કોઈ એક જૂથ કદાચ જીતશે પણ પર્યાવરણ, પૃથ્વી, સજીવ સૃષ્ટિ વારંવાર હારતી રહેશે.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

26. સંયુક્ત રાષ્ટ્રસંઘે તૈયાર કરાવેલ અહેવાલ નીચેનાં પૈકી કઈ બાબતો જણાવે છે?

1. જે દેશ પર હુમલો થાય છે ત્યાં 20 વર્ષ સુધી પર્યાવરણ પર અસર થાય છે.

2. તેના પડોશી દેશો પર પ્રમાણમાં ઓછી અસર થાય છે.

3. આવા દેશોમાં લોકોને કેન્સર જેવી ખતરનાક બીમારીઓ થાય છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ઉપરોક્ત તમામ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

27. દુનિયામાં ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં "વોર પોલ્યુશન"નો ક્રમ કયો છે?

(A) પ્રથમ
(B) બીજો
(C) ત્રીજો
(D) ચોથો

28. નીચેનાં પૈકી કયાં સ્થળોએ હુમલા થાય ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન ખૂબ જ વધી જાય છે?

1. જાહેર ભીડભાડવાળાં સ્થળોએ

2. ફૂડ ફિલ્ડ

3. પેટ્રોલપંપ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

29. ઈરાનના ફૂડ ભંડારો પર હુમલા થવાને કારણે નીચેના પૈકી કઈ પર્યાવરણને લગતી અસરો થઈ?

(A) તહેરાનમાં કાળો વરસાદ થયો.

(B) ફૂડ ભંડારોનો નાશ થયો.

(C) ફૂડના આંતરરાષ્ટ્રીય ભાવોમાં વધારો થયો.

(D) ભારતમાં ફૂડની સમસ્યાઓ સર્જાઈ.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



30. જે દેશો યુદ્ધમાં સામેલ હોય છે તેમને ______ની દરકાર હોતી નથી.
(A) સંરક્ષણ ખર્ચ
(B) સંયુક્ત રાષ્ટ્રસંઘની વિનંતિઓ
(C) સજીવ સૃષ્ટિ પર થતી અસર
(D) જિઓ પોલિટિકલ અસર

31. જો બે ખૂણા પૂરક છે (supplementry angles) અને તેમનો ગુણોત્તર 1:4 હોય તો નાના ખૂણાનું માપ કેટલું થશે?
(A) 40°
(B) 38°
(C) 36°
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

32. જો કોઈ એક ખૂણા θ માટે sin θનું મૂલ્ય 1/3 હોય તો cos θનું મૂલ્ય કેટલું થશે?
(A) 2/3
(B) 3/4
(C) √3/4
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

33. નીચે પૈકી કઈ સંખ્યા 1/2થી વધુ અને 3/4થી ઓછી છે?
(A) 3/5
(B) 3/8
(C) 4/5
(D) 0.45

34. બે ભાઈઓની હાલની ઉંમરનો ગુણોત્તર 1:2 છે. આજથી 5 વર્ષ પહેલાં આ ગુણોત્તર 1:3 હતો. તો આજથી 5 વર્ષ પછી આ ગુણોત્તર કેટલો થશે?
(A) 2:3
(B) 9:10
(C) 3:5
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

35. એક ત્રિકોણના બે ખૂણાના માપ 60° હોય તો તે ત્રિકોણ કયા પ્રકારનો ત્રિકોણ હશે?
(A) સમબાજુ ત્રિકોણ
(B) કાટકોણ ત્રિકોણ
(C) ગુરુકોણ ત્રિકોણ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

36. 15 ઓગસ્ટ, 2010ના દિવસે કયો વાર હશે?
(A) શનિવાર
(B) સોમવાર
(C) ગુરુવાર
(D) રવિવાર



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

37. એક હોડીની પ્રવાહની દિશામાં ઝડપ 15 કિમી/કલાક છે. જો પ્રવાહની ઝડપ 2.5 કિમી/કલાક હોય તો પ્રવાહની વિરુદ્ધ દિશામાં તે હોડીની ઝડપ કેટલી હશે?

(A) 12.5 કિમી/કલાક
(B) 13.75 કિમી/કલાક
(C) 10 કિમી/કલાક
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

38. ₹ 450માં કેટલાક દડા ખરીદવામાં આવ્યા. જો પ્રત્યેક દડાની કિંમત પર ₹ 15 જેટલું વળતર મળ્યું હોત તો 15 દડા વધુ ખરીદી શકાયા હોત. તો વળતર મળ્યા બાદ કુલ કેટલા દડા ખરીદવામાં આવ્યા હોત?

(A) 15
(B) 20
(C) 30
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

39. જો P : Q = 3 : 4, Q : R = 7 : 9 હોય તો P : Q : R કેટલા થશે?

(A) 3 : 11 : 9
(B) 12 : 28 : 42
(C) 21 : 28 : 36
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

40. 45 કિમી/કલાકની ઝડપે જતી એક 130 મીટર લાંબી ટ્રેન 30 સેકન્ડમાં એક પુલને પસાર કરે છે. તો પુલની લંબાઈ કેટલી હશે?

(A) 245 મીટર
(B) 275 મીટર
(C) 300 મીટર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

★ નીચે આપેલા પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 41થી 45ના ઉત્તરો આપો.

સમગ્ર દેશ ચલાવવા માટે વહીવટી કુનેહપૂર્વક કાર્ય કરી શકે તેવા અખિલ ભારતીય સેવાઓના અધિકારીઓ કરોડરજ્જુ સમાન બની રહેશે તેવો સરદાર વલ્લભભાઈ પટેલનો સ્પષ્ટ મત હતો. તેઓએ સંવિધાન સભાના સભ્યોને સૂચવ્યું કે સંવિધાનમાં આવા પ્રકારની સેવાઓની રચના કરવાની જોગવાઈ કરવામાં આવે, જેની ભરતી પ્રક્રિયા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે. કેન્દ્ર સરકાર પાસેથી તાલીમ લીધા બાદ આ અધિકારીઓને વિવિધ રાજ્યમાં સોંપવામાં આવશે, જેથી પ્રત્યેક રાજ્યના પ્રશાસનમાં એકરૂપતા આવશે. વિવિધ રાજ્ય સરકારોના દિશાનિર્દેશ હેઠળ જિલ્લા સ્તરે કાર્ય કર્યા બાદ તેઓને પ્રતિનિયુક્તિ દ્વારા કેન્દ્ર સરકારમાં પણ કાર્ય કરવાની તક આપવામાં આવશે. કેન્દ્ર સરકારના મંત્રાલયોમાં નીતિ કે યોજનાઓના ઘડતરમાં પણ તેમની ભૂમિકા આ કારણે મહત્વની બની રહેશે. સરદાર પટેલને સનદી સેવાઓને રક્ષણ આપવું જરૂરી લાગ્યું. તેઓના પ્રયાસોના ફળ સ્વરૂપે સનદી સેવાઓની ભરતી, સેવા શરતો અને બરતરફી રાજકીય હસ્તક્ષેપથી મુક્ત રહે તે માટે સંવિધાનમાં અનુચ્છેદ 309, 310 અને 311ની જોગવાઈઓ કરવામાં આવી



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



અને તમામ સરકારી કર્મચારીઓને રક્ષણ પ્રદાન કરવામાં આવ્યું. આ જ કારણે સરદાર પટેલને "દેશના મુલ્કી અધિકારીઓના આરાધ્યદેવ" ગણવામાં આવે છે. ભારતીય સનદી સેવાઓની પ્રથમ બેચના અધિકારીઓ સમક્ષ કરેલા વ્યાખ્યાનના મુદ્દા આજે પણ યથાર્થ છે. તેમણે કહ્યું હતું કે "શાસન પ્રશાસનમાં સંબંધિતોની ગરિમા જળવાય, તટસ્થતા સચવાય અને પ્રજા પ્રત્યે સહાનુભૂતિ દાખવીને જનહિતના પ્રશ્નો ત્વરાથી તથા ભ્રષ્ટાચાર આચર્યા વિના ઉકેલાય એ દિશામાં અધિકારી તંત્રએ સતત કાર્યરત રહેવું જોઈએ. અધિકારીતંત્ર એ પ્રજા પ્રત્યે સંવેદના ધરાવતું હોવું જોઈએ અને રાજકીય પક્ષાપક્ષીથી પર રહેવું જોઈએ. તમે કોઈ અનપેક્ષિત લાભ ખાટીને કોઈની તરફેણમાં નિર્ણય નહીં કરતાં."

41. વિવિધ રાજ્યોમાં પ્રશાસનમાં એકરૂપતા કેવી રીતે આવી શકે?

(A) અધિકારીઓમાં જાગૃતિ કેળવીને

(B) કેન્દ્ર સરકાર પાસેથી તાલીમ લીધા બાદ અધિકારીઓને વિવિધ રાજ્યોમાં સોંપવાથી

(C) અધિકારીઓને રાજકીય પક્ષાપક્ષીથી દૂર રાખીને

(D) અધિકારીઓને અંકુશમાં રાખીને

42. કેન્દ્ર સરકારના મંત્રાલયોની નીતિ કે યોજનાઓના ઘડતરમાં અધિકારીઓની ભૂમિકા કેવી રીતે મહત્વની બની રહેશે?

(A) અધિકારીઓને કેન્દ્ર સરકાર દ્વારા તાલીમ આપીને

(B) અધિકારીઓમાં પ્રજા પ્રત્યે સંવેદના જગાડીને

(C) જિલ્લા સ્તરે કાર્ય કર્યા બાદ અધિકારીઓને પ્રતિનિયુક્તિ દ્વારા કેન્દ્ર સરકારમાં કાર્ય કરવાની તક આપીને

(D) સનદી સેવાઓ તટસ્થ રાખીને

43. સનદી સેવાઓની ભરતી, સેવા શરતો અને બરતરફીને રાજકીય હસ્તક્ષેપથી કેવી રીતે મુક્ત રાખવામાં આવી છે?

(A) કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલી નીતિઓ અન્વયે

(B) રાજ્ય સરકારો દ્વારા ઘડવામાં આવેલી નીતિઓ અન્વયે

(C) કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા ઘડવામાં આવેલી સંયુક્ત નીતિઓ અન્વયે

(D) સંવિધાનમાં જોગવાઈઓ અન્વયે



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

44. સરદાર પટેલના વ્યાખ્યાનમાં નીચે પૈકી કઈ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો?

1. તટસ્થતા
2. પ્રજા પ્રત્યે સહાનુભુતિ
3. કાયદાનું યોગ્ય જ્ઞાન

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

45. સરદાર પટેલે તેમના વ્યાખ્યાનમાં અધિકારીઓને કઈ તાકીદ કરી?

(A) અનપેક્ષિત લાભ ખાટીને કોઈની તરફેણમાં નિર્ણય નહીં કરવાની
(B) રાજીનામું આપ્યા બાદ જ કોઈ રાજકીય પક્ષમાં જોડાવાની
(C) કેન્દ્ર સરકારમાં ફરજિયાતપણે પ્રતિનિયુક્તિથી કામ કરવાની
(D) નિવૃત્તિ બાદ પણ દેશસેવા ચાલુ રાખવાની

★ નીચે આપેલા પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 46થી 50ના ઉત્તરો આપો.

1968માં રામેશ્વરનાથ કાવ-એ ઇન્ટેલિજન્સ બ્યુરોમાંથી માત્ર 250 પસંદગીના અધિકારીઓ લીધા અને નવી સંસ્થા "રો" - "રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ" ઊભી કરી. કાવે આ અધિકારીઓમાં એક એવી સંસ્કૃતિ કેળવી હતી જે આજે પણ "રો"ની ઓળખ છે - ઓછું બોલવું, દેખાયા વગર કામ કરવું અને રાષ્ટ્રહિતને સૌથી ઉપર રાખવું. આ અધિકારીઓને ભીડમાં ભળી જવાની, વિદેશી દૂતાવાસમાં જઈને વાતો કઢાવવાની અને દુશ્મનના મગજમાં શું ચાલે છે તે વાંચવાની તાલીમ કાવ પોતે આપતા. કાવ હંમેશા કહેતા, "એક જાસૂસ એવો હોવો જોઈએ જેની હાજરી કોઈને વર્તાઈ નહીં, પણ જેની ગેરહાજરીથી આખું રાષ્ટ્ર જોખમમાં આવી જાય, "રો"ના અધિકારીઓને વિદેશી દૂતાવાસોની પાર્ટીઓમાં કેવી રીતે ભળવું, દારૂ પીધા વગર ગ્લાસ પકડીને કેવી રીતે વાતો કઢાવવી અને દુશ્મનના એજન્ટને કેવી રીતે ઓળખવો તેની ખાસ તાલીમ કાવ પોતે આપતા. 1971ના યુદ્ધમાં પાકિસ્તાની સેનાના સંચારતંત્રને હાઇજેક કરી લીધું હતું. પાકિસ્તાનના જનરલો પૂર્વ પાકિસ્તાનમાં શું આદેશ આપી રહ્યા છે તેની ખબર ભારતીય સેનાને પાકિસ્તાની સેના સુધી આદેશ પહોંચે તે પહેલા પડી જતી. "રો"ના એજન્ટો પાકિસ્તાનના પરમાણુ મથક કાહુરાની એટલી નજીક પહોંચી ગયા હતા કે તેઓ ત્યાંના વૈજ્ઞાનિકોના વાળના નમૂના પણ ચોરી લાવ્યા હતા. આ નમૂનાઓના રેડિયો એક્ટિવ ટેસ્ટથી ભારતને ખાતરી થઈ ગઈ હતી કે પાકિસ્તાન પરમાણુ બોમ્બ બનાવી રહ્યું છે. કાવની કાર્યપદ્ધતિ એવી હતી કે તેઓ પાકિસ્તાનના અંદરના અસંતુષ્ટ જૂથો સાથે સંબંધો બનાવતા. આ એજન્ટો પાકિસ્તાની સેનાની છાવણીમાં જઈને સચોટ માહિતી લાવતા હતા. આપણા અસલી "ધુરંધર" આર. એન. કાવે 'મા ભારતીના' ચરણે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. આજે જ્યારે આપણે સુરક્ષિત રીતે શ્વાસ લઈએ છીએ ત્યારે આપણે રામેશ્વરનાથ કાવ જેવા "અદૃશ્ય સૈનિકો"ના ઋણી છીએ.



Scanned with OKEN Scanner

46. કાવે કયા વિભાગમાંથી "રો" સંસ્થા માટે અધિકારીઓની પસંદગી કરી?

(A) ક્રાઈમ બ્રાંચ

(B) ઇન્ટેલિજન્સ બ્યુરો

(C) ગૃહ મંત્રાલય

(D) ભારતીય દૂતાવાસ

47. નીચેનાં પૈકી કઈ બાબત "રો"ની ઓળખ છે?

1. કાળા ગોગલ્સ પહેરવાં

2. દેખાયા વગર કામ કરવું

3. રાષ્ટ્રહિતને સૌથી ઉપર રાખવું

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) ઉપરોક્ત તમામ

48. કાવ "રો"ના અધિકારીઓને નીચે પૈકી કઈ તાલીમ જાતે આપતા?

(A) દૂતાવાસમાં જઈ વાતો કઢાવવાની

(B) બિલકુલ બોલ્યા વગર કામ કરવાની

(C) પાકિસ્તાની લશ્કરી છાવણીઓમાં ઘૂસવાની

(D) જરૂર પડે તો દેશ માટે શહીદ થઇ જવાની

49. 1971ના યુદ્ધમાં કાવની મહત્વની ભૂમિકા શી હતી?

(A) તેમણે પાકિસ્તાની દૂતાવાસના અધિકારીઓને નજરકેદ કરી લીધા હતાં.

(B) તેમણે પાકિસ્તાની સંચારતંત્ર હાઇજેક કરી લીધું હતું.

(C) તેમણે દારૂ પીધા વગર ગ્લાસ પકડી લશ્કરી અધિકારીઓ પાસેથી સુરક્ષાને લગતી તમામ માહિતી મેળવી લીધી હતી.

(D) તેમણે પાકિસ્તાનની અંદરના અસંતુષ્ટ જૂથોને ત્યાંની ચૂંટણીમાં મદદ કરી.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

50. પાકિસ્તાન પરમાણુ બૉંબ બનાવી રહ્યું છે એવી ખાતરી કેવી રીતે થઇ?

(A) "રો"ના એજન્ટો પાકિસ્તાનના પરમાણુ મથક કાહુરાની એકદમ નજીકથી તેની તસવીરો લઇ આવ્યા.

(B) "રો"ના એજન્ટોને પાકિસ્તાનના અસંતુષ્ટ જૂથો દ્વારા માહિતી આપવામાં આવી.

(C) "રો"ના એજન્ટો પરમાણુ મથકના વૈજ્ઞાનિકોના વાળના નમૂના ચોરી લાવ્યા, જેનો રેડિયો એક્ટિવ ટેસ્ટ કરાતા ખાતરી થઇ.

(D) પાકિસ્તાનના કેટલાક ઉચ્ચ લશ્કરી અધિકારીઓ સાથે ઘરાબો કેળવી માહિતી કઢાવવામાં આવી

★ નિર્દેશ: (51-55) નીચે આપેલી શ્રેણીનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો:

4 % E 2 O N 3 # Z ! @ $ T G W 8 1 + A B 7 9 6 1 R H U X ^ I 5

51. "Z" અને "A"ની બરાબર મધ્ય કયો ઘટક છે?

(A) G (B) W (C) T (D) $

52. આપેલી શ્રેણીમાં સંકેતો પછી તરત આવતી હોય એવી સંખ્યાઓ કેટલી છે?

(A) શૂન્ય (B) 1 (C) 2 (D) 3

53. આપેલી શ્રેણીમાં જમણા છેડાથી 18મા ઘટકથી છઠ્ઠા સ્થાને કયો ઘટક છે?

(A) T (B) % (C) ! (D) #

54. જો શ્રેણીમાં તમામ સંકેતો અને સંખ્યાઓ દૂર કરવામાં આવે તો જમણા છેડાથી આઠમા સ્થાને કયો ઘટક છે?

(A) B (B) G
(C) A (D) W

55. આપેલી શ્રેણીમાં તમામ સંખ્યાઓનો સરવાળો કેટલો થશે?

(A) 38 (B) 46
(C) 40 (D) 42



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



56. નીચેની શ્રેણીમાં આગામી પદ કયું હશે?

ABD, DGK, HMS, MTB, SBL, (?)

(A) ZKU
(B) ZKW
(C) YKW
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

57. આપેલા વિકલ્પો પૈકી કયો એક વિકલ્પ અન્ય ત્રણ વિકલ્પોથી અલગ પડે છે?

(A) રાઈ
(B) બાજરી
(C) ચોખા
(D) ઘઉં

58. નીચે આપેલા 5 શબ્દોને અંગ્રેજી ડિક્ષનરી પ્રમાણે ગોઠવતા ત્રીજા ક્રમે કયો શબ્દ આવશે?

Electrolysis, Electroplating, Electrification, Election, Eleaticism

(A) Electrolysis
(B) Electrification
(C) Election
(D) Electroplating

59. એક ફોટામાં દેખાતા પુરુષ તરફ જોઈ પૂજાએ કહ્યું , "તેના પિતાના પિતા મારી માતાના વેવાઈ છે." તો તે પુરુષ અને પૂજા કયા સંબંધથી જોડાયેલાં છે?

(A) કાકા-ભત્રીજી
(B) પિતા-પુત્રી
(C) જમાઈ-સાસુ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

60. નીચેની શ્રેણીમાં ખૂટતી સંખ્યા કઈ હશે?

1, 3, 7, 15, (?), 63, 127

(A) 22
(B) 25
(C) 29
(D) 31

61. પોર્ટુગલ : એટલાન્ટિક મહાસાગર : : ચીલી : (?)

(A) હિન્દ મહાસાગર
(B) આર્કટિક મહાસાગર
(C) પેસેફિક મહાસાગર
(D) ઉત્તર સમુદ્ર



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

★ નિર્દેશ: (62-64) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તરો આપો:

સાત મિત્રો એકબીજાથી વિવિધ અંતરે બેઠા છે. W એ Xથી પશ્ચિમ દિશામાં 4 મીટર અંતરે છે. T એ Sની ઉત્તર દિશામાં બે મીટર અંતરે છે. S એ Qની પશ્ચિમે 4 મીટર દૂર છે. જ્યારે Q એ Vની ઉત્તરે 1 મીટર દૂર છે. W એ Yની ઉત્તરે 2 મીટર દૂર છે તથા Y એ Tની પશ્ચિમે 8 મીટર દૂર છે.

62. X એ Qને સાપેક્ષ કઈ દિશામાં છે?

(A) ઉત્તર-પૂર્વ (B) દક્ષિણ-પૂર્વ (C) ઉત્તર (D) ઉત્તર-પશ્ચિમ

63. W અને V વચ્ચે લઘુત્તમ કેટલું અંતર છે?

(A) 13 મીટર (B) 15 મીટર (C) 11 મીટર (D) 9 મીટર

64. S એ Wને સાપેક્ષ કઈ દિશામાં છે?

(A) ઉત્તર-પૂર્વ (B) દક્ષિણ-પૂર્વ (C) દક્ષિણ-પશ્ચિમ (D) ઉત્તર-પશ્ચિમ

★ નિર્દેશ: (65-67) આપેલા દરેક પ્રશ્નમાં એક "પ્રશ્ન" અને બે વિધાનો આપવામાં આવ્યાં છે. તમારે એ વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તરો આપવામાં એ વિધાનો પર્યાપ્ત છે કે કેમ તે ચકાસવાનું છે.

65. પ્રશ્ન: Mને કેટલાં બાળકો છે?

વિધાન-1 K અને J એ Mના ભત્રીજા છે.

વિધાન-2 N એ એકમાત્ર સંતાન Fની માતા છે. M અને Nનાં લગ્નને 25 વર્ષ થયાં છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન 2 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(C) બંને વિધાનો એક સાથે પણ ઉત્તર આપવા પર્યાપ્ત નથી.

(D) બંને વિધાનો ઉત્તર આપવા માટે આવશ્યક છે.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide


66. પ્રશ્ન: એક પેટીમાં કેટલાક લાલ, વાદળી અને લીલા દડા છે. જો તેમાંથી એક દડો લેવામાં આવે તો તે લાલ હોય તેની સંભાવના કેટલી?

વિધાન-1 પેટીમાં કુલ દડા 30 છે.

વિધાન-2 પેટીમાં લાલ, વાદળી અને લીલા દડા 1 : 2 : 3ના ગુણોત્તરમાં છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન 2 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(C) બંને વિધાનો એક સાથે પણ ઉત્તર આપવા માટે પર્યાપ્ત નથી.

(D) બંને વિધાનો ઉત્તર આપવા માટે આવશ્યક છે.

67. પ્રશ્ન: જો n એ 10 અને 20ની વચ્ચે આવતી અવિભાજ્ય સંખ્યા હોય તો n નું મૂલ્ય કેટલું છે?

વિધાન-1 $n > 12$

વિધાન-2 $n < 17$

(A) માત્ર વિધાન 1 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(B) માત્ર વિધાન 2 ઉત્તર આપવા પર્યાપ્ત છે.

(C) બંને વિધાનો એક સાથે પણ ઉત્તર આપવા માટે પર્યાપ્ત નથી.

(D) બંને વિધાનો ઉત્તર આપવા માટે આવશ્યક છે.

★ નિર્દેશ: (68-70) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના ઉત્તરો આપો:

એક કંપનીના અંદાજપત્રમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી છે.

સેલ્સ વિભાગ : 25%

માર્કેટિંગ વિભાગ : 30%

આઈ. ટી. વિભાગ : 20%

માનવ સંસાધન વિભાગ : 15%

ઓપરેશન વિભાગ : 15%

કંપનીના કુલ વાર્ષિક અંદાજો ₹ 3 કરોડ છે.

68. આઈ. ટી. વિભાગ અને માનવ સંસાધન વિભાગને થનાર ફાળવણીનો તફાવત કેટલો હશે?

(A) ₹ 15 લાખ
(B) ₹ 1.5 લાખ
(C) ₹ 9 લાખ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

69. જો માનવ સંસાધન વિભાગમાં થનાર કુલ ફાળવણી પર 25% કાપ મૂકવામાં આવે તો માનવ સંસાધન વિભાગને કેટલી ફાળવણી થશે?

(A) ₹ 33,75,000
(B) ₹ 35,00,000
(C) ₹ 7,50,000
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

70. જો કુલ વાર્ષિક અંદાજોમાં 5% જેટલો ઘટાડો કરવામાં આવે તો આઈ. ટી. વિભાગને કેટલી ફાળવણી થશે?

(A) ₹ 62,50,000
(B) ₹ 57,00,000
(C) ₹ 54,00,000
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ.

71. એક નળાકારનું ઘનફળ 396 ઘન મીટર છે. જો તેની ઊંચાઈ 14 મીટર હોય તો તેના પાયાનો વ્યાસ કેટલો થશે?

(A) 3 મીટર
(B) 5 મીટર
(C) 6 મીટર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

72. નીચેની શ્રેણીમાં આગામી પદ કયું હશે?

27, 216, 729, (?)

(A) 1782
(B) 1728
(C) 1872
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

73. એક લંબચોરસની લંબાઈમાં 50% અને પહોળાઈમાં 20% જેટલો વધારો કરવામાં આવે તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકાનો વધારો થશે?

(A) 40%
(B) 60%
(C) 80%
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

74. એક વર્તુળનો પરિઘ 44 સેમી છે. તો તેનું ક્ષેત્રફળ કેટલું થશે?

(A) 154 ચો સેમી
(B) 88 ચો સેમી
(C) 176 ચો સેમી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide


75. એક 100 મીટર લંબાઈની ટ્રેન 30 કિમી/કલાકની ઝડપે ગતિ કરે છે. તો તેને એક થાંભલાને પસાર કરતાં કેટલો સમય લાગશે?

(A) 8 સેકન્ડ
(B) 10 સેકન્ડ
(C) 12 સેકન્ડ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

76. એક રકમ પર 2 વર્ષે 6% વ્યાજના દરે ₹ 7500 સાદું વ્યાજ પ્રાપ્ત થાય છે. તો તે રકમ કઈ હશે?

(A) ₹ 62,500
(B) ₹ 63,600
(C) ₹ 65,500
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

77. ₹ 25,000 પર 8% વ્યાજ દરે કેટલા વર્ષે ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ₹ 4160 પ્રાપ્ત થશે?

(A) 3 વર્ષે
(B) 4 વર્ષે
(C) 1.5 વર્ષે
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

78. એક પાઈપ એક ટાંકીને 20 મિનિટ અને બીજો પાઈપ તે ટાંકીને 25 મિનિટમાં ભરી શકે છે. જો બંને પાઈપ એક સાથે ખોલવામાં આવે તો તે ટાંકી કેટલા સમયમાં ભરાશે?

(A) 100/9 મિનિટ
(B) 100/7 મિનિટ
(C) 22.5 મિનિટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

79. P એક કામ 18 દિવસમાં અને Q તે કામ 15 દિવસમાં કરી શકે છે. Q તે કામ શરૂ કરીને 10 દિવસ બાદ કામ છોડે છે. તો બાકીનું કામ P કેટલા દિવસમાં પૂરું કરશે?

(A) 4 દિવસ
(B) 6 દિવસ
(C) 8 દિવસ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

80. કપિલ એક વ્યવસાય ₹ 35,000ના રોકાણ સાથે શરૂ કરે છે. 5 મહિના બાદ સુનિલ કેટલાક રોકાણ સાથે જોડાય છે. જો એક વર્ષ બાદ નફો 2:3નાં ગુણોત્તરમાં વહેંચાય છે. તો સુનિલે કેટલું રોકાણ કર્યું હશે?

(A) ₹ 60,000
(B) ₹ 75,000
(C) ₹ 90,000
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

## PART-B

81. ડાંગી આદિવાસીનું પ્રિય વાદ્ય "પાવરી" બાબતે નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે?
(A) તે મોં વડે ફૂંક મારીને વગાડાય છે.
(B) તે મંજીરાથી થોડાક મોટા આકારના કાંસામાં ઢાળેલું વાદ્ય છે.
(C) તે પખવાજ જેવું ઢોલક છે.
(D) તે એક પ્રકારનો એકતારો છે.

82. ગુજરાતની લોકસંસ્કૃતિમાં નવા પાકો માટે ખેતર ખેડવાનું શરૂ કરવા માટે ખેડૂતો ______ને શ્રેષ્ઠ મૂહર્ત માને છે.
(A) શીતળા સાતમ
(B) રક્ષાબંધન
(C) અખાત્રીજ
(D) અષાઢ સુદ દશમ

83. સફેદ અથવા રંગીન વસ્ત્ર પર અન્ય રંગનાં વસ્ત્રનાં ફૂલ, પર્ણ, પશુ, પંખી, માનવીય કે ભૌમિતિક આકૃતિઓના ટુકડાઓને કલાત્મક રીતે ગોઠવી રંગીન કે ધોળા દોરાથી તૈયાર કરવામાં આવતા ગૂંથણને ____ કહે છે.
(A) આભલા ભરત
(B) બન્ની ભરત
(C) આરી ભરત
(D) કટાવકામ

84. પીઠોરાનું ધાર્મિક ભીંતચિત્ર ગુજરાતના પંચમહાલ અને વડોદરા જિલ્લાના _____ આદિવાસી પ્રજાની વિશિષ્ટતા છે.
(A) રાઠવા
(B) વારલી
(C) કુંકણા
(D) સાંથલ

85. નીચેના પૈકી કયા જિલ્લામાં રામપરા વન્યજીવ અભયારણ્ય આવેલું છે?
(A) ડાંગ
(B) અરવલ્લી
(C) જૂનાગઢ
(D) મોરબી

86. કચ્છના ગઢશીશા વિસ્તારમાંથી મુખ્યત્વે કયું ખનીજ મળી આવે છે?
(A) તાંબુ
(B) બોકસાઈટ
(C) જસત
(D) અબરખ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



87. પ્રસ્તર ખડકોમાં જ્યારે કેલ્શિયમ અને મેગ્નેશિયમના કાર્બોનેટ ભળેલાં હોય ત્યારે તે _____ ખડક કહેવાય છે.

(A) ગ્રેનાઈટ
(B) ડોલોમાઈટ
(C) લિગ્નાઇટ
(D) ડાયોરાઈટ

88. ભારતમાં નીચેના પૈકી કયા પર્વતો સ્તરભંગ ક્રિયાથી રચાયેલા છે?

1. સહ્યાદ્રી
2. નીલગીરી
3. સાતપુડા

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

89. કોઈ જ્વાળામુખીનું એક વાર પ્રસ્ફુટન થયા પછી નિષ્ક્રિય થઇ ગયો હોય અને હવે ફરી વિસ્ફોટ થવાનાં કોઈ ચિહ્નો વર્તાતા ન હોય, તેમજ તેના જ્વાળામુખમાં પાણી ભરાઈને સરોવર બની ગયા હોય તો તેને _____ જ્વાળામુખી કહે છે.

(A) સુષુપ્ત જ્વાળામુખી
(B) મૃત જ્વાળામુખી
(C) સક્રિય જ્વાળામુખી
(D) પ્રસુપ્ત જ્વાળામુખી

90. સૂકા અને અર્ધસૂકા ગરમ રણપ્રદેશોમાં વેગીલા પવન દ્વારા ભૂ-સપાટી પરથી ખડક પદાર્થને ઉપાડીને કે ઊંચકીને અન્યત્ર લઇ જવાની ક્રિયાને _____ કહે છે.

(A) ઊડણ-ક્રિયા
(B) દ્રાવણ-ક્રિયા
(C) નિક્ષેપણ
(D) ઉત્ક્ષેપન

91. રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવેલી નાણાકીય કટોકટીને નીચેના પૈકી કઈ મુદ્દત સુધીમાં સંસદે માન્ય રાખવાની થાય છે?

(A) 3 મહિના
(B) 2 મહિના
(C) 6 મહિના
(D) 1 વર્ષ

92. નીચેના પૈકી કઈ સંસદીય સમિતિના અધ્યક્ષ વડાપ્રધાન નથી?

(A) રાજકીય બાબતોની સમિતિ
(B) નિમણૂક સમિતિ
(C) સંસદીય બાબતોની સમિતિ
(D) આર્થિક બાબતોની સમિતિ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

93. રાજ્યમાં વિધાન પરિષદ રચવા અથવા નાબુદ કરવાની ભલામણ કોણ કરી શકે?

(A) રાજ્યનું મંત્રીમંડળ

(B) રાજ્યની વિધાનસભા

(C) રાજ્યના રાજ્યપાલ

(D) રાજ્યના મુખ્યમંત્રી

94. રાજ્યની વિધાન પરિષદના સભ્યોની કુલ સંખ્યાના _____ સભ્યો રાજ્યના રાજ્યપાલ નિયુક્ત કરશે.

(A) 1/8

(B) 1/10

(C) 1/6

(D) 1/5

95. કોઈ આંતર-રાજ્ય નદી કે નદી-ખીણના કે તેમાંના પાણીના ઉપયોગ, વહેંચણી અથવા નિયંત્રણ અંગેની તકરાર કે ફરિયાદના ન્યાય નિર્ણય માટે _____

(A) સંસદ કાયદાથી જોગવાઈ કરી શકશે.

(B) લાગુ પડતા રાજ્યો પૈકીની કોઈ પણ એક રાજ્યની વડી અદાલત તે અંગે નિર્ણય લઇ શકશે.

(C) લાગુ પડતા રાજ્યોના વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશોની બનેલી સંયુક્ત સમિતિ તે અંગે નિર્ણય લઇ શકશે.

(D) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશો અને લાગુ પડતા રાજ્યોના વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશોની બનેલી સંયુક્ત સમિતિ તે અંગે નિર્ણય લઇ શકશે.

96. ભારતના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચને લગતા હોય તેટલા પૂરતા અંદાજો બાબતે નીચેનાં પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) આવા અંદાજો સંસદમાં મતદાન માટે રજૂ કરવામાં આવશે નહિ.

(B) આવા અંદાજોની સંસદના બેમાંથી કોઈ ગૃહમાં ચર્ચા થઇ શકે છે.

(C) A અને B બંને

(D) A અને B પૈકી કોઈ નહિ.

97. કોઈ રાજ્યના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહીત મંત્રીઓની કુલ સંખ્યા તે રાજ્યની વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના _____%થી વધુ હોવી જોઇએ નહિ.

(A) 10

(B) 15

(C) 20

(D) 25



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



98. લોકસભાના અધ્યક્ષની ગેરહાજરીમાં સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકમાં નીચેના પૈકી કોણ અધ્યક્ષ તરીકે ફરજ બજાવશે?

(A) લોકસભાના નાયબ અધ્યક્ષ

(B) રાજ્યસભાના નાયબ અધ્યક્ષ

(C) ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(D) ભારતના ઉપરાષ્ટ્રપતિ

99. નીચેના પૈકી કઈ બાબતનો સંવિધાનની સાતમી અનુસૂચિની સમવર્તી યાદીમાં સમાવેશ થતો નથી?

(A) લગ્ન અને છૂટાછેડા

(B) મજૂર સંઘો, ઔદ્યોગિક મજૂર અને તકરારો

(C) દેવાળું અને નાદારી

(D) વસતી ગણતરી

100. ભારતના સંવિધાનમાં મજબૂત કેન્દ્ર ધરાવતા સમવાય તંત્રનો ખ્યાલ ______ના બંધારણમાંથી લેવામાં આવ્યો હતો.

(A) યુ. એસ. એ. (B) યુ. કે.

(C) આયર્લેન્ડ (D) કેનેડા

101. ગુજરાતમાં નીચેના પૈકી કયા જિલ્લામાં પવિત્ર અને નૈસર્ગિક સ્થળ પંપા સરોવર આવેલું છે?

(A) ડાંગ (B) અરવલ્લી

(C) જૂનાગઢ (D) વલસાડ

102. નીચેના પૈકી કયા જિલ્લામાં 'ભારતીય સંસ્કૃતિ મ્યુઝિયમ' આવેલું છે?

(A) અમદાવાદ (B) વડોદરા

(C) કચ્છ (D) રાજકોટ

103. 12મી સદીના અંતમાં રચાયેલ "રસાર્ણવ" ______નો મહત્વનો ગ્રંથ છે.

(A) ગણિત (B) કામશાસ્ત્ર

(C) જ્યોતિષ (D) આયુર્વેદ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

104. " જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરિ કો ભજે સો હરિકા હોઈ"-________નું આ વચન ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.

(A) સ્વામી રામાનંદ
(B) મીરાંબાઈ
(C) તુલસીદાસ
(D) નરસિંહ મહેતા

105. મધુબની ચિત્રકલા ______ પ્રદેશની સુપ્રસિદ્ધ પરંપરાગત લોકકલા છે, જે મુખ્યત્વે મહિલાઓ દ્વારા ઘરની ભીંતો, કાગળ કે કપડાં પર કુદરતી રંગોથી કરવામાં આવે છે.

(A) રાજસ્થાન
(B) બિહાર
(C) કચ્છ
(D) મહારાષ્ટ્ર

106. નીચેના પૈકી કયા મંદિરના પિષ્ટની બંને બાજુએ દસ-દસ ફૂટ ઊંચા મોટાં સુંદર ચક્ર કંડારેલા છે?

(A) પુરીનું જગન્નાથ મંદિર
(B) સોમનાથનું મંદિર
(C) દ્વારકાનું મંદિર
(D) કોણાર્કનું સૂર્ય મંદિર

107. 'પંચતંત્ર' એ ભારતીય લોકસાહિત્યમાંની ______નો એક ઘણો લોકપ્રિય સંગ્રહ છે.

(A) નીતિકથાઓ
(B) આયુર્વેદિક સારવાર
(C) જ્યોતિષશાસ્ત્ર
(D) ખગોળશાસ્ત્ર

108. નીચેના પૈકી કઈ વાવને બે કૂવા છે?

(A) માતર ભવાનીની વાવ
(B) બાઈ હરિરની વાવ
(C) અડાલજની વાવ
(D) રાણ કી વાવ

109. હવેલી સંગીતનાં ગીતોને ______ તરીકે ઓળખવામાં આવે છે.

(A) ભજનો
(B) આખ્યાનો
(C) સુરાવલીઓ
(D) કીર્તનો

110. ભવાઈમાં પાત્રો પ્રવેશ કરે ત્યારે ચોક્કસ પ્રકારના તાલબધ્ધ નૃત્યગતિવાળા પગલાંના વર્તુળમાં ફરે છે, તેને ______ કહે છે.

(A) ગરબી
(B) ગરબો
(C) લહેકો
(D) આવણું



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

B

111. ઝોનલ કાઉન્સિલ ________ છે.

(A) બંધારણીય સંસ્થાઓ
(B) કારોબારી સંસ્થાઓ
(C) સલાહકાર સંસ્થાઓ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

112. નીચેનાં પૈકી કયું વિધાન સાચું છે?

(A) હક એ નાગરિકો સામે રાજ્યના દાવા છે.
(B) હક એ રાજ્ય સામે નાગરિકોના દાવા છે.
(C) હક એ રાજ્યના બંધારણમાં સમાવિષ્ટ વિશેષાધિકારો છે.
(D) હક એ થોડાક નાગરિકોના ઘણા લોકોની સામેના વિશેષાધિકાર છે.

113. મંત્રીમંડળ લોકસભાને સામૂહિક રીતે જવાબદાર હોવા છતાં પણ વ્યક્તિગત મંત્રીઓ બંધારણીય રીતે ____ને જવાબદાર છે.

(A) વડાપ્રધાન
(B) ભારતના રાષ્ટ્રપતિ
(C) લોકસભાના અધ્યક્ષ
(D) ભારતના સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

114. ગામમાં ગ્રામસભા નીચેનાં પૈકી કોની બનેલી હોય છે?

(A) ગામમાં રહેતા તમામ લોકોની
(B) ગામમાં રહેતાં અને 18 વર્ષથી ઉપરની વય ધરાવતા તમામ લોકોની
(C) ગામમાં તમામ નોંધાયેલા ચૂંટણી મતદારોની
(D) ગ્રામજનો દ્વારા સીધી રીતે ચૂંટાયેલા તમામ લોકોની

115. સંવિધાનમાં પર્યાવરણનું જતન અને તેની સુધારણા કરવા અંગેનો ઉલ્લેખ કયાં થયેલો છે?

(A) મૂળભૂત ફરજોમાં
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં
(C) A અને B બંનેમાં
(D) A અને B પૈકી કોઈમાં નહિ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



116. નીચેના પૈકી કોનો ઉલ્લેખ ભારતના સંવિધાનમાં કરવામાં આવ્યો નથી?

(A) ભારતના એટર્ની જનરલ

(B) ભારતના સોલીસીટર જનરલ

(C) રાજ્યના એડવોકેટ જનરલ

(D) ભારતના નિયંત્રક-મહાલેખા પરીક્ષક

117. સંવિધાન અનુચ્છેદ 352 હેઠળ જ્યારે કટોકટીની જાહેરાત કરવામાં આવે છે, ત્યારે ભારતના રાષ્ટ્રપતિ નીચેના પૈકી કયા અનુચ્છેદ હેઠળના મૂળભૂત હક સિવાયના મૂળભૂત હકનો અમલ મોકૂફ રાખવાની સત્તા ધરાવે છે?

(A) 20 અને 21

(B) 19 અને 20

(C) 19 અને 21

(D) 21 અને 22

118. નીચેના પૈકી કયું વિધેયક ભારતીય સંસદના દરેક ગૃહની વિશેષ બહુમતીથી પસાર થયેલું હોવું જોઈએ?

(A) સાદું વિધેયક

(B) નાણાં વિધેયક

(C) ખાનગી વિધેયક

(D) બંધારણીય સુધારા વિધેયક

119. ભારતમાં જાહેર હિતની અરજીની પદ્ધતિ નીચેનાં પૈકી કઈ તંત્ર રચના અન્વયે આવી?

(A) બંધારણીય સુધારાઓ

(B) ન્યાયિક પહેલ

(C) રાજકીય પક્ષો

(D) સંસદીય અધિનિયમ

120. સંસદના સભ્યની ગેરલાયકાત બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તે અંગે નિર્ણય લેવાની સત્તા કોની છે?

(A) ભારતના ચૂંટણી કમિશનનો અભિપ્રાય મેળવી રાષ્ટ્રપતિની

(B) લોકસભાના અધ્યક્ષ સાથે પરામર્શ કરીને વડાપ્રધાનની

(C) સર્વોચ્ચ અદાલત સાથે પરામર્શ કરીને મંત્રીમંડળની

(D) લોકસભાના અધ્યક્ષ સાથે પરામર્શ કરીને ભારતના ઉપરાષ્ટ્રપતિની

121. પ્રખ્યાત બૌધ પુરાતત્વીય સ્થળ 'દેવની મોરી' ગુજરાતમાં _______ નદીના કિનારે આવેલું છે.

(A) નર્મદા

(B) ઓઝત

(C) મેશ્વો

(D) સાબરમતી



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide



122. વેદકાલીન આર્ય સંસ્કૃતિ બાબતે નીચેનાં પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. આર્યોનો સમાજ પિતૃપ્રધાન હતો.
2. વરની પસંદગીમાં કન્યાનો અધિકાર રહેતો.
3. અનેક પત્નીપ્રથા અને વિધવા પુનર્વિવાહની છૂટ હતી.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

123. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રને ________ ધર્મના 'ત્રણ રત્નો' માનવામાં આવે છે.

(A) જૈન
(B) શીખ
(C) વૈષ્ણવ
(D) જરથોસ્તી

124. સ્કંધગુપ્તના મૃત્યુ બાદ ________ કુલના સેનાપતિ ભટ્ટાર્કે સૌરાષ્ટ્રમાં આવેલ વલભીમાં પોતાનો રાજવંશ શરૂ કર્યો હતો.

(A) શુંગ
(B) મૈત્રક
(C) મૌર્ય
(D) સાતવાહન

125. ________ એ માળવા, મેવાડ, ડુંગરપુર અને વાંસવાડાના પ્રદેશો ઉપર સોલંકી રાજ્યની સત્તા પ્રસારી.

(A) મૂળરાજ
(B) કર્ણદેવ
(C) સિદ્ધરાજ
(D) કુમારપાળ

126. જેલમાં ભગતસિંહ અને તેમના સાથીઓ દ્વારા ભૂખ હડતાલ દરમિયાન નીચેના પૈકી કોનું મૃત્યુ થયું હતું?

(A) બટુકેશ્વર દત્ત
(B) જતીન દાસ
(C) અજય ઘોષ
(D) પ્રેમ દત્ત

127. મરાઠી સત્તામાં સર્વપ્રથમ પેશ્વા કોણ હતા?

(A) બાલાજી બાજીરાવ
(B) બાજીરાવ પ્રથમ
(C) શાહુ
(D) બાલાજી વિશ્વનાથ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

128. નીચેના પૈકી કઈ જોડી યોગ્ય રીતે જોડાયેલ નથી?
(A) કેસરી-બાલ ગંગાધર તિલક
(B) નવજીવન-મહાત્મા ગાંધી
(C) મૂક નાયક-જ્યોતિબા ફૂલે
(D) અમૃત બાઝાર પત્રિકા-શિશિરકુમાર ઘોષ

129. ________ એ હિંદમાં આવીને થિયોસોફિકલ સોસાયટીનું કાર્ય ઉપાડી લીધું.
(A) કર્નલ આલકોટ
(B) મેડમ બ્લેવેટ્સ્કી
(C) A અને B બંને
(D) A અને B પૈકી કોઈ નહિ

130. ________ માં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ની ઈ.સ. 1907માં સંસ્થા સ્થપાઈ, જેનું પાછળથી લાલા હરદયાળે 'ગદર પાર્ટી' નામ આપ્યું.
(A) અમેરિકાના કેલિફોર્નિયા
(B) લંડન
(C) પેરિસ
(D) બર્લિન

131. ભારતના બંધારણના આમુખમાં નીચેનાં પૈકી કયો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી?
(A) સાર્વભૌમ
(B) કલ્યાણ
(C) સમાજવાદી
(D) લોક તંત્રાત્મક

132. ભારતના બંધારણના અનુચ્છેદ 21 હેઠળ જીવનના અને વ્યક્તિગત સ્વતંત્રતામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?
(A) સમાનતાનો હક
(B) ગોપનીયતાનો અધિકાર
(C) વાણી અને અભિવ્યક્તિનો હક
(D) મિલકતનો હક

133. નીચેના પૈકી રાજ્યનીતિના કયા માર્ગદર્શક સિદ્ધાંતોને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું છે?
(A) ગાયો અને વાછરડાની કતલ ઉપર સમગ્ર દેશમાં પ્રતિબંધ
(B) માદક પીણાં ઉપર સમગ્ર દેશમાં પ્રતિબંધ
(C) પંચાયતી રાજ
(D) ઉપરોક્ત તમામ

134. ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવા માટે લઘુત્તમ વય ________ છે.
(A) 18 વર્ષ
(B) 21 વર્ષ
(C) 25 વર્ષ
(D) 35 વર્ષ



Scanned with OKEN Scanner

135. નીચેના પૈકી કયા રાજ્યમાં વિધાનસભા ઉપરાંત વિધાન પરિષદ પણ અસ્તિત્વ ધરાવે છે?

(A) મહારાષ્ટ્ર
(B) બિહાર
(C) કર્ણાટક
(D) ઉપરોક્ત તમામ

136. નીચેના પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલતે નિર્ધારિત કર્યું કે સંવિધાન સમવાયી છે અને સમવાય તંત્ર તેનું મૂળભૂત લક્ષણ છે?

(A) એસ. આર. બોમાઈ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા
(B) એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા
(C) રામચંદ્રયા વિ. સ્ટેટ ઓફ કર્નાટક
(D) બીજુ પટનાયક વિ. યુનિયન ઓફ ઇન્ડિયા

137. ભારતીય સંવિધાન ________ ને માન્યતા આપે છે.

(A) ફક્ત ધાર્મિક લઘુમતીઓ
(B) ફક્ત ભાષાકીય લઘુમતીઓ
(C) ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓ
(D) ધાર્મિક, ભાષાકીય અને ટ્રાન્સજેન્ડર લઘુમતીઓ

138. માંગણીની રકમમાં રૂ. 1(એક) સુધીનો ઘટાડો દર્શાવતી કાપ દરખાસ્તને ______ કહે છે.

(A) પ્રતીકાત્મક કાપ (Token Cut)
(B) નીતિ વિષયક કાપ (Policy Cut)
(C) આર્થિક કાપ (Economic Cut)
(D) નિંદા કાપ (Censure Cut)

139. લોકસભા અને રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓમાં મત આપવાનો અધિકાર ________ છે.

(A) રૂઢિગત અધિકાર
(B) વૈધાનિક અધિકાર
(C) મૂળભૂત અધિકાર
(D) નૈતિક અધિકાર


Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

140. કઈ જાતિને અનુસૂચિત જાતિ ગણવામાં આવશે તે સ્પષ્ટ કરવાનો અધિકાર ______ પાસે છે.

(A) ભારતના રાષ્ટ્રપતિ

(B) રાજ્યપાલ

(C) વડાપ્રધાન

(D) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટેનું આયોગ

141. સુભાષચંદ્ર બોઝે કોંગ્રેસ છોડી ઇ.સ. 1939માં ______ની સ્થાપના કરી હતી.

(A) ઇન્ડિયન હાઉસ
(B) ફોરવર્ડ બ્લોક
(C) હોમરૂલ સોસાયટી
(D) ધ કોમનવિલ

142. મુંબઈના નૌકા સૈન્યના બળવાને 1857 બાદ બ્રિટિશ સરકાર સામે તેના લશ્કરનો બીજો બળવો પણ ગણવામાં આવે છે. જે ______ના પ્રયત્નોથી થાળે પાડવામાં આવ્યો અને ભારતીય સ્વરાજ્યની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં ફાળો આપ્યો હતો.

(A) ગાંધીજી
(B) વિનોબા ભાવે
(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(D) સરદાર વલ્લભભાઈ પટેલ

143. હિન્દ સ્વાતંત્ર્ય ધારો પસાર થતાં નીચેનાં પૈકી ક્યાં રાજ્યોએ સ્વતંત્ર થવાની હિલચાલ શરૂ કરી?

1. ત્રાવણકોર 2. ભોપાલ 3. ઇન્દોર

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

144. દાંડી ઉપરાંત નીચેનાં પૈકી કયાં સ્થળોએ મીઠાના સત્યાગ્રહો થયા હતા?

1. ધરાસણા 2. સૂરજકરાડી 3. વડાલા

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

145. ______ બંગાળના ગળીના વિદ્રોહના મુખ્ય નેતાઓ પૈકીના એક અગ્રણી નેતા હતા.

(A) દિગંબર બિસ્વાસ
(B) બિના દાસ
(C) રાસબિહારી બોઝ
(D) સૂર્ય સેન



Scanned with OKEN Scanner

146. બારડોલી સત્યાગ્રહ દરમિયાન ______ એ ગવર્નરને એક ઐતિહાસિક બની રહે તેવો, આખી પરિસ્થિતિનો સરસ ચિતાર આપતો, તેમની લાક્ષણિક શૈલીમાં પત્ર લખ્યો. જેની આખા દેશ પર ભારે અસર થઈ અને લોકોનું ધ્યાન બારડોલી પ્રત્યે વધુ કેન્દ્રિત થયું.

(A) કનૈયાલાલ મુન્શી
(B) મહાદેવભાઈ દેસાઈ
(C) ગાંધીજી
(D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

147. ગાંધીજી પર ટોલ્સટોયના નીચેના પૈકી કયા પુસ્તકની ખૂબ મોટી અસર હતી?

(A) અન ટુ ધ લાસ્ટ
(B) ધ બ્રેવ વર્લ્ડ
(C) ધ કિંગડમ ઓફ ગોડ ઈઝ વિધિન યું
(D) ધ કોસ્ટ ઓફ ટ્રુથ

148. કાકોરી ટ્રેન લૂંટને નીચેના પૈકી કયા ક્રાંતિકારીઓએ અંજામ આપ્યો હતો?

1. અશફાક ઉલ્લાખાન
2. રામપ્રસાદ બિસ્મિલ
3. મન્મથનાથ ગુપ્તા

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

149. નીચેના પૈકી કોણ ગુજરાતી સાહિત્યમાં "આખ્યાનના પિતા" તરીકે ઓળખાય છે?

(A) પ્રેમાનંદ
(B) ભાલણ
(C) વલ્લભ મેવાડો
(D) શામળ

150. નીચેના પૈકી કયાં સ્થળોએ કાર્તિકી પુનમનો મેળો ભરાય છે?

(A) વૌઠા
(B) શામળાજી
(C) A અને B બંને
(D) A અને B પૈકી કોઈ નહિ

151. નીચેના પૈકી કયા મેળામાં ગ્રામીણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવે છે?

(A) ચિત્રવિચિત્ર
(B) તરણેતર
(C) ડાંગ દરબાર
(D) પલ્લી



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

152. આપાતકાલીન સેવાઓ માટે અલગ અલગ નંબર ડાયલ કરવાને બદલે એક જ 112 નંબર શરૂ કરવાના પ્રોજેક્ટનું નામ શું છે?

(A) જનસંવેદના
(B) જનસુરક્ષા
(C) જનચેતના
(D) જનરક્ષક

153. વર્ષ 2026ને 'ગુજરાત ______ વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.

(A) પ્રવાસન
(B) રમત-ગમત
(C) સહકાર
(D) ગ્રામીણ વિકાસ

154. સંવિધાનની મૂળ પ્રતમાં નીચેના પૈકી કોના દ્વારા સુંદર ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં હતાં?

(A) સુચિત્રા વર્મા
(B) આર. કે. નારાયણ
(C) નંદલાલ બોઝ
(D) રામપ્રસાદ ગુપ્તા

155. મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ નીચેના પૈકી કઈ સહાય દર મહિને આપવામાં આવે છે?

(A) 2 કિલો ચણા
(B) 1 લીટર ફોર્ટીફાઈડ ઓઈલ
(C) 1 કિલો તુવેર દાળ
(D) ઉપરોક્ત તમામ

156. ______ આધારકાર્ડ સંબધિત કોઈ પણ માહિતી મેળવવા માટેનો 'માય આધાર' પોર્ટલનો ટોલ ફ્રી નંબર છે.

(A) 1947
(B) 9999
(C) 2000
(D) 1942

157. સાતપુડા પર્વતમાળાઓ ________ નદીઓ વચ્ચે આવેલી છે.

(A) મહી અને સાબરમતી
(B) બનાસ અને રૂપેણ
(C) નર્મદા અને તાપી
(D) ભાદર અને મચ્છુ

158. ભારતમાં પીળી ક્રાંતિ (Yellow Revolution) એ ________ના ઉત્પાદનમાં વધારો કરવા માટે શરૂ કરવામાં આવેલી એક મહત્વની પહેલ હતી.

(A) તેલીબિયાં
(B) ફૂલ
(C) ઈંડા
(D) મકાઈ



Scanned with OKEN Scanner

159. વસતી ગણતરી 2011ના આંકડાઓ અનુસાર ભારતના નીચેના પૈકી કયા રાજ્યમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ સૌથી વધારે છે?

(A) ગુજરાત
(B) કેરળ
(C) પંજાબ
(D) પશ્ચિમ બંગાળ

160. નીચેના પૈકી કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિ બેરોજગારીમાં વધારો કરે છે?

(A) શ્રમપ્રધાન
(B) મૂડીપ્રધાન
(C) ખેતપ્રધાન
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

161. પાણીની અંદર રહેલી સબમરીનમાંથી દરિયાની સપાટી પર તરતા જહાજને જોવા માટે _____ વપરાય છે.

(A) સર્ચ લાઈટ
(B) પેરિસ્કોપ
(C) કેલિડોસ્કોપ
(D) દૂરબીન

162. આંખની ખામી માટે આહારમાં નીચેના પૈકી કયા વિટામીનની ઊણપ જવાબદાર છે?

(A) વિટામીન D
(B) વિટામીન A
(C) વિટામીન K
(D) ઉપરોક્ત તમામ

163. ધ્વનિની પ્રબળતા _____ એકમમાં દર્શાવાય છે.

(A) પાસ્કલ
(B) હર્ટ્ઝ
(C) પિક્સલ
(D) ડેસિબલ

164. પેટ્રોલિયમના ઘટક તરીકે મળતા બિટ્યુમિન(Bitumen)નો મુખ્ય ઉપયોગ શો છે?

(A) કપડાંને ડ્રાયક્લિનિંગ કરવા માટે
(B) મીણ બનાવવા માટે
(C) રોડ સમતોલ કરવા માટે
(D) ઉપરોક્ત તમામ

165. આપણા શરીરમાં ખોરાકનું સૌથી વધુ પાચન અને શોષણ નીચેના પૈકી કયા અંગમાં થાય છે?

(A) નાનું આંતરડું
(B) મોટું આંતરડું
(C) પકવાશય
(D) યકૃત



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

166. બાળપણ કે કિશોરાવસ્થામાં થતા ડાયાબિટીસને _______ કહે છે.

(A) ટાઈપ 1 ડાયાબિટીસ
(B) ટાઈપ 2 ડાયાબિટીસ
(C) ટાઈપ 3 ડાયાબિટીસ
(D) ટાઈપ 4 ડાયાબિટીસ

167. URL એટલે શું?

(A) કમ્પ્યુટર સોફ્ટવેર
(B) વેબ બ્રાઉઝર
(C) ઈન્ટરનેટ પર દેખાતા વેબપેજનું સરનામું
(D) સર્ચ એન્જિન

168. ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ સ્થળ એવા _______ માં યોજાતો માઘ મેળો વિશ્વના સૌથી મોટા અને જૂના આધ્યાત્મિક કાર્યક્રમોમાંનો એક માનવામાં આવે છે.

(A) ઉજ્જૈન
(B) વારાણસી
(C) હરિદ્વાર
(D) પ્રયાગરાજ

169. ભારતમાં સૌપ્રથમવાર સમુદ્ર સીમા દર્શનનો પ્રારંભ નીચેના પૈકી કયા જિલ્લામાં કરવામાં આવ્યો છે?

(A) ગીર સોમનાથ
(B) કચ્છ
(C) જામનગર
(D) પોરબંદર

170. નીચેના પૈકી કયા દિવસે ગુજરાત સહિત ભારતભરમાં 'સંસ્કૃત દિવસ' ઉજવવામાં આવે છે?

(A) મહાશિવરાત્રી
(B) દિવાળી
(C) રક્ષાબંધન
(D) ભાઈબીજ

171. ગુજરાત સરકારના 2026-27ના અંદાજપત્ર અનુસાર દેશની સૌથી મોટી 'નમો સેન્ટ્રલ લાઇબ્રેરી' _______ ખાતે સ્થાપવામાં આવશે.

(A) વડનગર
(B) વડોદરા
(C) ગાંધીનગર
(D) સોમનાથ



Scanned with OKEN Scanner

172. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતી ભાષા માટે વર્ષ 2024નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ________ ને એનાયત કર્યો.

(A) શ્રી ભવેન કચ્છી
(B) શ્રી યાસીન દલાલ
(C) શ્રી નસીર ઈસ્માઇલી
(D) શ્રી પ્રવીણ દરજી

173. આંગણવાડીઓના 3થી 6 વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવેલ નવીન પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમનું નામ ______ છે.

(A) થપ્પો
(B) વડલો
(C) તારામંડળ
(D) આધારશિલા

174. નીચેનાં પૈકી ક્યાં સ્થળે "ઇન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઇનાન્સિંગ સમિટ ૨.0" યોજાઈ ગઈ?

(A) ગિફ્ટ સિટી
(B) PDEU (પીડીઇયુ)
(C) GNLU (જીએનએલયુ)
(D) મહાત્મા મંદિર

175. જીભનું ટેરવું કયો સ્વાદ જલ્દી પારખે છે?

(A) ખાટો
(B) તૂરો
(C) કડવો
(D) ગળ્યો

176. કુદરતી ખાતર કેવો પદાર્થ છે?

(A) કાર્બનિક
(B) અકાર્બનિક
(C) અસેન્દ્રીય
(D) ખનિજ

177. ક્લોરોફ્લોરોકાર્બન પરંપરાગત ઉપયોગ નીચેના પૈકી શેમાં થતો હતો?

1. રેફ્રિજરેટર
2. એરકન્ડીશનર
3. એરોસોલ સ્પ્રે

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

178. મળમૂત્રથી પ્રદૂષિત થયેલા પાણીથી નીચેના પૈકી કયા રોગો થઇ શકે છે?

1. કોલેરા
2. ટાઈફોઈડ
3. કમળો

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ


Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

179. નીચેના પૈકી કયા લાકડાંનાં માવા પર રાસાયણિક પ્રક્રિયા કરીને બનાવેલા માનવસર્જિત રેસા છે?

(A) રેયોન
(B) પોલિએસ્ટર
(C) નાયલોન
(D) એક્રિલિક

180. નીચેના પૈકી કયા ગ્રહ પર સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગતો દેખાય છે?

(A) બુધ
(B) મંગળ
(C) યુરેનસ
(D) નેપ્ચ્યુન

181. નીચેનાં પૈકી કયા દરિયાઈ સરોવરો અથવા લગૂન (Lagoon) છે?

1. ચિલ્કા (ઓડિશા) 2. પુલિકટ (તમિલનાડુ) 3. નળ સરોવર (ગુજરાત)

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ

182. હવા તાપમાનના તફાવતને લીધે વિષુવવૃત્ત ઉપરના વાતાવરણમાં ભારે વાયુઓ ______ હોય છે.

(A) સૌથી વધારે
(B) સૌથી ઓછા
(C) સપ્રમાણ
(D) એકદમ ઘટ્ટ

183. પૃથ્વીના બંને ગોળાર્ધમાં 35થી 40 અક્ષવૃત્તો વચ્ચેના પ્રદેશમાં એના પૂર્વ કિનારે ______ વરસાદ થાય છે, જ્યારે એના પશ્ચિમ કિનારે ______ વરસાદ પડે છે.

(A) નહિવત્, ખૂબ વધારે
(B) વધુ, ઓછો
(C) ઓછો, વધુ
(D) ખૂબ ઓછો, નહિવત્

184. ______ ભારતમાં કોફીનું સૌથી મોટું ઉત્પાદક રાજ્ય છે.

(A) આસામ
(B) પશ્ચિમ બંગાળ
(C) કર્ણાટક
(D) કેરળ

185. નીચેના પૈકી કઈ લોહ-ખનીજો(Ferrous Minerals) છે?

1. મેગ્નેટાઇટ 2. હેમેટાઈટ 3. લિમોનાઈટ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ઉપરોક્ત તમામ



Scanned with OKEN Scanner

186. __________ રાજ્યમાં આવેલું રામનગર રેશમ કોકૂન બજાર એશિયાના સૌથી મોટા રેશમ કોકૂન બજાર તરીકે જાણીતું છે.

(A) કર્ણાટક
(B) જમ્મુ અને કાશ્મીર
(C) મધ્યપ્રદેશ
(D) આસામ

187. ગુજરાતનાં જંગલોમાં __________ના પાન પુષ્કળ થાય છે, જેનો ઉપયોગ પડિયા અને પતરાળાં બનાવવા માટે થાય છે.

(A) શીમળા
(B) ખાખરા
(C) મહુડા
(D) ખેર

188. રાષ્ટ્રીય વન નીતિ 1988 અનુસાર દેશના ભૌગોલિક વિસ્તારનો ઓછામાં ઓછો ________ ભાગ વન અને વૃક્ષ આચ્છાદન તરીકે જાળવવો જોઈએ.

(A) 1/2
(B) 1/3
(C) 1/4
(D) 1/6

189. ગુજરાતમાં નાનાં બંદરોનું સંચાલન __________ કરે છે.

(A) ગુજરાત મેરીટાઈમ બોર્ડ
(B) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ
(C) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(D) ગુજરાત દીનદયાળ પોર્ટ નિગમ

190. ગુજરાતમાં નીચેના પૈકી સૌથી ઊંચો ધોધ કયો છે?

(A) હાથણી માતા ધોધ
(B) ઝાંઝરી ધોધ
(C) નિનાઈ ધોધ
(D) ગિરમાળ ધોધ

191. તાજેતરમાં હિન્દુસ્તાન એરોનોટિક લિમિટેડ-HAL એ બેંગલુરુમાં તેના ________ હેલિકોપ્ટરની પ્રથમ સફળ ઉડાન સાથે નાગરિક ઉડ્ડયન બજારમાં પ્રવેશ કર્યો હતો.

(A) પવનહંસ-III
(B) ધ્રુવ ન્યુ જનરેશન
(C) ગરૂડ
(D) જટાયુ A



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide

192. તાજેતરમાં મારુતિ સુઝુકી કંપની ગુજરાતમાં ગાંધીનગર નજીક _____ ખાતે મેગા કાર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા માટે રૂપિયા 35,000 કરોડનું રોકાણ કરવા જઈ રહી છે.

(A) શેરથા
(B) પેથાપુર
(C) રાયસણ
(D) ખોરજ

193. તાજેતરમાં નીચે પૈકી કયો દેશ 'આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન' 'International Solar Alliance' માંથી ખસી ગયો છે?

(A) રશિયા
(B) બાંગ્લાદેશ
(C) શ્રીલંકા
(D) યુ.એસ.એ.

194. તાજેતરમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ (NHAI)એ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર ટેલિકોમ આધારિત સુરક્ષા ચેતવણી સિસ્ટમ પૂરી પાડવા માટે _____સાથે સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા હતા.

(A) વોડાફોન (VODAFONE)
(B) જિઓ (JIO)
(C) ઓરેન્જ (ORANGE)
(D) સિંગટેલ (SINGTEL)

195. તાજેતરમાં ભારતે નીચેના પૈકી કયા દેશ સાથે લોથલમાં નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પલેક્ષ (NMHC)ના વિકાસ માટેના સહયોગના સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યા?

(A) નેધરલેન્ડ
(B) કતાર
(C) યુ. એસ. એ.
(D) કેન્યા

196. પ્રજાસત્તાક દિન 2026ની રાજ્યકક્ષાની ઉજવણી _____ ખાતે થઈ હતી.

(A) વાવ-થરાદ
(B) પોરબંદર
(C) ગાંધીનગર
(D) સુરેન્દ્રનગર

197. _____ જિલ્લામાં મતદાર જાગૃતિ માટે અમલમાં મુકાયેલી નવીન ટેકનોલોજી આધારિત બોટ્રોન-BOTRON - ને તાજેતરમાં ઇનોવેટિવ વોટર અવેરનેસ ઇનિશિયેટિવ્ઝ શ્રેણી હેઠળ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

(A) ભાવનગર
(B) બોટાદ
(C) જામનગર
(D) ડાંગ



Scanned with OKEN Scanner

Prepp
Your Personal Exams Guide


198. તાજેતરમાં NITI આયોગના ઉપાધ્યક્ષ તરીકે નીચેના પૈકી કોની નિમણૂક કરવામાં આવી છે?
(A) અશોકકુમાર લહેરી
(B) સુરેન્દ્ર ચૌબે
(C) એસ. વી. રાજુ
(D) સૌરભ જૈન

199. રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નીચેના પૈકી કયો એવોર્ડ આપવામાં આવે છે?
(A) જીજાબાઈ એવોર્ડ
(B) માતા દેવકી એવોર્ડ
(C) કૌશલ્યા એવોર્ડ
(D) માતા યશોદા એવોર્ડ

200. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે _______ પર આધારિત ટપાલ ટિકિટ અને વિશેષ આવરણ જારી કર્યું.
(A) ક્વાંટ ગેર મેળા
(B) તરણેતરના મેળા
(C) ભવનાથના મેળા
(D) અંબાજીના મેળા


Scanned with OKEN Scanner